ગાંધીનગર સમાચાર
તા. ૫-૩-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### 'આપ'ની બાંધી મૂઠી ઊઘડી ગઇ

કોઇ પણ રાજકીય સંગઠન આખરે તો સત્તાલક્ષી જ હોય, ભલે તે સેવા અને સમર્પણની મોટી મોટી ગુલબાંગો પોકારીને પ્રજાની સહાનુભૂતિ કેળવવા અને મેળવવાનાં નાટક કરતું રહે. આમ આદમી પાર્ટીની બાબતમાં આ જગતસત્ય સાચું પડ્યું છે. અગાઉ ભારતીય જનતા પાર્ટી માટે 'પાર્ટી વિથ ડિફ્રંસ' - જરા નોખી જાતનો રાજકીય પક્ષ - જેવી રૂપકડી વ્યાખ્યા રજૂ થતી હતી. સમય જતાં એ જ પાર્ટી કોંગ્રેસની કાર્બન કોપી બની ગઇ અને એ જ જ્ઞાતિ-સાંપ્રદાયિક સમીકરણો તથા ચૂંટણી જીતવા માટે પૈસાની અને સસ્તી લોકપ્રિયતાનાં વચનોની લહાણી ઉપરાંત વંશવારસોને ટિકિટો વહેંચવામાં અટવાતી ગઇ. આજે આ બધા જ કારસા કરવામાં એ કોંગ્રેસને સારી કહેવડાવે તે હદે આગળ વધી ચૂકી છે. આમ આદમી પાર્ટી પણ અંતે તો રાજકીય પાર્ટી છે. અલબત્ત, એમાં રાજકારણમાં રસ લેનારા સિદ્ધાંતવાદી બૌદ્ધિકો ભેગા થયા છે. જયાં બૌદ્ધિકો ભેગા મળે ત્યાં વૈચારિક મતભેદો પણ આવવાના. આમ આદમી પાર્ટીમાં આવા મતભેદોનું ઊભરવું એ કોઇ નવાઇની ઘટના ન ગણાવી જોઇએ. પ્રશ્ન છે કેજરીવાલની સુવાંગ સત્તાનો, જેની સામે યોગેન્દ્ર યાદવ અને શાંતિ ભૂષણ - પ્રશાંત ભૂષણની પિતાપુત્રની જોડીને શરૂથી જ વાંધો હતો. અગાઉ આવો વાંધો કુમાર વિશ્વાસે પણ લીધેલો છે. વળી વિનોદકુમાર બિન્ની અને શાઝિયા ઇલ્મી કે અણ્ણા આંદોલનનાં જૂનાં સહધર્મી કિરણ બેદીએ તો કેજરીને ચૂંટણીમાં સીધો પડકાર આપવા ભાજપનું શરણું સ્વીકારી લીધું હતું, તે પણ પાર્ટીમાં બધું સમુંસૂતરું નહીં ચાલતું હોવાની જ પ્રતીતિ ગણાય. કેજરીવાલ પ્રત્યે દિલ્હીની પ્રજાને અપાર શ્રદ્ધા હોય એનો એવો અર્થ તો ન જ કરાય કે પાર્ટીમાં સૈદ્ધાંતિક પોતને પાતળું પાડી મુખ્યમંત્રીપદ અને સંયોજકપદ બેઉ સર્વોચ્ચ સ્થાનો પર અરવિંદ કેજરીવાલ જ આરૂઢ થયેલા રહે. ઇન્દિરા ગાંધીએ આવું જ વલણ અખત્યાર કરેલું અને નરેન્દ્ર મોદી પણ પરોક્ષ રીતે એકહથ્થુ શાસન ચલાવી રહ્યા છે. આવો અભિગમ લોકશાહીના હાર્દને જ મારી નાખે છે. તેથી યોગેન્દ્ર યાદવ કે પ્રશાંત ભૂષણ જેવા પાર્ટીના સંસ્થાપક સભ્યો ભલે લઘુમતીમાં હોય પણ એમનો વિરોધ સાચો ગણીને કેજરીવાલે સામે ચાલીને સંયોજક પદ છોડી દેવું જોઇએ. યોગેન્દ્ર યાદવ સામે કોઇ પત્રકાર સાથે કરેલી વાતચીતના આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. છેલ્લે બધાને પરિસ્થિતિની ગંભીરતા સમજાતાં ઘીના ઠામમાં ઘી પડ્યું છે એમ કહી શકાય, પણ ભારેલો અગ્નિ ફરી વાર ભભૂકી શકે છે. કેજરીવાલે સંયોજકપદેથી રાજીનામું આપીને પરિસ્થિતિ સાચવી લીધી છે. યાદવ જાણીતા સેફોલોજિસ્ટ ઉપરાંત સૌમ્ય અને વિચારશીલ રાજનીતિજ્ઞ છે. પ્રશાંત ભૂષણ વરિષ્ઠ ધારાશાસ્ત્રી છે, જેમણે પાર્ટીને પોષી છે અને કાનૂની ઢાલ પૂરી પાડી છે. આવા વરિષ્ઠ સાથીદારોને નારાજ કરીને કેજરીવાલ એન્ડ કંપની લાંબે ગાળે નુકસાનમાં જ ઊતરશે. એમના વિશે પ્રજામાં ફક્ત અહોભાવ હોય એવું નથી, તેઓ મોદીની જેમ મહત્ત્વાકાંક્ષી અને એકહથ્થુ શાસનનાં સમર્થક હોવાની છાપ પણ છે જ. દિલ્હીની પ્રજાએ એકવાર એમની બધી ભૂલોને નજર અંદાજ કરીને પાંચ વરસ માટે શાસનના સમર્થક હોવાની છાપ પણ છે જ. દિલ્હીની પ્રજાએ એકવાર એમની બધી ભૂલોને નજર અંદાજ કરીને પાંચ વરસ માટે શાસનનાં સૂત્રો સોંપ્યા એટલે પોતે સરમુખત્યાર શાહી વલણ ધરાવતા થઇ જશે તો આગામી વર્ષોમાં એ શોધ્યા નહીં જડે. યોગેન્દ્ર યાદવ પાર્ટી હરિયાણા વિધાનસભાની ચૂંટણી લડે એવું ઇચ્છતા હતા. એમને ત્યાં ઘણું ગ્રાઉન્ડ વર્ક કરેલું હતું. પરંતુ ખુદ અરવિંદ કદાચ પાર્ટીમાં બીજો કોઇ નેતા પોતાની હરોળમાં ઊપસે એવું નથી ઇચ્છતા. તેથી એમને પાર્ટી જાણે એમની બાપીકી મિલકત હોય એમ પાંચ વરસ સુધી દિલ્હી બહાર કોઇ ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી દીધી છે, જે સ્વાભાવિક રીતે જ અન્ય પ્રદેશોમાં ઊપસવા મથતી નવી પાર્ટીના ભવિષ્યને ધૂંધળું બનાવી મૂકશે. આમ આદમી પાર્ટી પાસે દેશની મોટી અપેક્ષાઓ છે. એ આવી નાદાનિયત છોડી વધુ ગંભીરતાપૂર્વક રાષ્ટ્રીય પાર્ટી તરીકે ઊપસે એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

# સાદરા વિદ્યાપીઠમાં વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૪

સાદરા સ્થિત ગુજરાત વિદ્યાપીઠમાં ૨૯મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ યોજાયો હતો. અધ્યક્ષ તરીકે ગુજરાત વિદ્યાપીઠના



કુલનાયક અનામિક શાહ ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવમાં સાદરા આજુબાજુની ગામની પ્રાથમિક શાળાઓએ ભાગ લીધો હતો.

ગાંધીનગર તાલુકાના સાદરા સ્થિત મહાદેવભાઈ દેસાઈ વિદ્યાપીઠ ખાતે ૨૯મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક અનામિક શાહની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે નગીન પટેલ પ્રમુખ સભ્ય વોલીબોલ એસોસિએશન, અરૂણ ગાંધી વોલીબોલ કોચ ઉપસ્થિત રહ્યા હતાં.

રમતોત્સવમાં સાદરા, મોતીપુરા, કલ્યાણપુરા, રાજપુર, ચેખલારાણી અને જ્ઞાનધારા શિક્ષણતીર્થના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ કેલેસ્થેનિકસ, ડંબેલ્સ, વાંસ કવાયત, ધ્વજ કવાયત, લેઝીમ, યોગા, પિરામિડ અને સળગતી રીંગમાંથી કૂદકો લગાવવા જેવા સ્ટંટ કર્યા હતા.

૨૯મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવમાં આતશ જયોત લઈને દોડવાનું ગૌરવ ગયા વર્ષના બેસ્ટ



એથ્લિટ મનસુખ સાબળીયાએ પ્રાપ્ત કર્યું હતું અને ખેલાડીઓને પ્રતિજ્ઞા લેવડાવવાની વિધિ પણ બેસ્ટ એથ્લિટ મનસુખ સાબળીયાએ પૂર્ણ કરી હતી. આ અવસર પર ઓલ ઈન્ડિયા નિબંધ પ્રતિયોગીતાના વિજેતા વિદ્યાર્થીઓ આકાશ રામી અને અમરસિંહ ચાવડાને કુલનાયક પ્રો. અનામિકભાઈ શાહ અને ડૉ. અરૂણભાઈ ગાંધીના હસ્ત પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં.

૨૯મો વાર્ષિક ખેલકુદ રમતોત્સવના પ્રથમ દિવસે ૧૦,૦૦૦ મીટર દોડ ભાઈઓમાં રમેશ સોલંકી, ૮૦૦ મીટર દોડ ભાઈઓમાં મહેશ જમોડ, ૧૫૦૦ મીટર દોડ બહેનોમાં મમતા બારીયા, ૫૦૦૦ મીટર દોડ ભાઈઓમાં રમેશ સોલંકી, ૧૦૦ મીટર વિઘ્ન દોડ બહેનોમાં જુલી પવાસિયા અને ૧૫૦૦ મીટર દોડ ભાઈઓમાં રમેશ સોલંકીએ જુના રેકોર્ડ તોડી નવો આંક સ્થાપિત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રો. જગદીશચંદ્ર સાવલિયા અને ડૉ. નીરજભાઈ સિલાવટે કર્યું હતું. જયારે આભારવિધિની જવાબદારી આ વર્ષના આંતરગૃહ સ્પર્ધા સમિતિના કન્વિનર દિલિપ ચંદ્રેશાએ નિભાવી હતી.

## ગુરૂ બ્રાહ્મણ સમાજની પુસ્તિકાનું વિમોચન

ગાંધીનગર, તા.૪

દશગામ ગોળ ગુરૂ બ્રાહ્મણ સમાજની સમાજ દર્શન પુસ્તિકાનું વિમોચન સમારોહ પાટનગરમાં યોજવામાં આવ્યો હતો. બસો બ્યાસી નવ પરગણાના બત્રીસ પરગણા દશગામ ગોળ ગુરૂ બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજના લોકોને સાંકળી રાખતી સમાજ દર્શન પુસ્તિકાનું વિમચોન કરવામાં આવ્યું હતું. વિમોચન સમારોહમાં પૂજય દયારામ બાપુ, પ્રમુખ ગૌતમ ગેડીયા, સિવિલ જજ સુનિલ દવે, કાન્તિભાઈ શ્રીમાળી, અમૃતભાઈ શ્રીમાળી સહિત ૨૮૨ નવપરગણા સમાજના શુભ ચિંતકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ વિધાનસભાની મુલાકાતે

ગાંધીનગર, તા.૪

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ધોરણ ૧૧ની ૯૪ વિદ્યાર્થીનીઓએ ચાલુ વિધાનસભાની મુલાકાત લીધી હતી.

વિધાનસભાની પ્રથમ એક કલાકની પ્રશ્નોત્તરી નિહાળી હતી. ત્યારબાદ પ્રદર્શન, સરકારની સીડીનો વિદ્યાર્થીનીઓએ લાભ લીધો હતો.

આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ વિધાનસભાની મુલાકાત સફળ બનાવી હતી.

## હરિની દૃષ્ટિ...



લે અમારો સ્વાઇન ફ્લુ નેગેટીવ સર્ટીફિકેટ... હવે તો અમારી સાથે હોળી રમીશને.. ?!

# કડવા પાટીદાર સમાજનો જીવનસાથી પસંદગી પરિચય મેળો યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના આંગણે કડવા પાટીદાર સમાજનો ચોથો જીવનસાથી પસંદગી પરિચય મેળો યોજાયો હતો. મેળામાં ૫૦૦ જેટલા લગ્નોત્સુક યુવક યુવતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કડવા પાટીદાર સમાજ દ્વારા સમાજના યુવક યુવતિઓને યોગ્ય જીવનસાથી મળી રહે તેવા ઉદ્દેશ સાથે ચોથા જીવન સાથી પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત ૧લી માર્ચના રોજ સેકટર-૧૨ સ્થિત ઉમા ભવન ખાતે પંકજભાઈ પટેલના પ્રમુખ સ્થાને પસંદગી મેળો યોજાયો હતો. પસંદગી મેળામાં સમાજના ૫૦૦થી વધુ યુવતિઓ અને યુવકોએ ભાગ લીધો હતો. જેમાં ૨૫૦થી વધુ યુવક-યુવતિઓ સગપણના તાંતણે બંધાયા હતા.

પસંદગી પરિચય મેળામાં અશોક પટેલ-ધારાસભ્ય, હસમુખ પટેલ-પ્રમુખ કડવા પાટીદાર સમાજ, બળદેવ પટેલ સહિતના સમાજના અગ્રણીઓ અને શુભ ચિંતકો ઉપસ્થિત રહ્યા હતા. જીવનસાથી પસંદગી મેળાની લગ્ન નોંધણી થયેલ યુવક યુવતિઓની સંપૂર્ણ વિગતો સાથેની બુક સેકટર-૨૪ સ્થિત નોંધણી સેવા કેન્દ્ર પરથી મળી શકશે. તેમજ દરરોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન ગાંધીનગર અને અમદાવાદ નોંધણી ખાતે લગ્નોત્સુક યુવક-યુવતિઓની નોંધણી ચાલુ છે તેમ ડૉ. ડી.એસ. પટેલે જણાવ્યું છે.

# કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે સ્વાઈન ફ્લુ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૪

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે શાળાના આચાર્યાના અધ્યક્ષપદ હેઠળ 'સ્વાઈન ફ્લુ' અંગે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરેશભાઈ ત્રિવેદી તથા તેમની ટીમ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડૉ. હરેશભાઈએ બાળકોને સ્વાઈન ફ્લુ એટલે શું ? તેના પાયાના લક્ષણો, સાવચેતી તથા રોગથી બચવાના ઉપાયો અંગે ખૂબ જ ઝીણવટપૂર્વક સચોટ માહિતી આપી હતી. ગામમાં શાળામાં કે જાહેર સ્થળોએ સ્વાઈન ફ્લુ અંગે તકેદારી રાખતા તે એક સામાન્ય રોગની માફક મટી શકે છે. સ્વાઈન ફ્લુ અંગે ભ્રામક ચર્ચાઓ તથા અફવાથી દૂર રહીને સાવચેતીથી આ રોગ નાથી શકાય છે. શાળાના આચાર્યાશ્રીએ આરોગ્ય અધિકારી તથા તેમની ટીમનો આભાર માન્યો હતો. ઘરગથ્થુ ઉપાયો ઉધરસ છીંક ખાતા રૂમાલ રાખવો, સાબુથી વારંવાર હાથ ધોવા, આરામ તથા પૌષ્ટિક આહાર તથા પુરતી ઉંઘ લેવી જોઈએ એવી સમજ આપી હતી. જેનાથી રોગ સામે રક્ષણ મળી શકે છે.



ગાંધીનગરમાં શાળાઓના વાર્ષિક ઉત્સવોની મોસમ શરૂ થઈ ગઈ છે. ટાઉનહોલ ગાંધીનગર ખાતે રંગોલી સ્કૂલના વાર્ષિક ઉત્સવ ઉજવાઈ ગયો. નાના ભુલકાઓ દ્વારા નૃત્યોની સુંદર રજૂઆતો કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

### લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા

# ગાંધીનગર ખાતે ૭મીએ 'વન્ડરફુલ વુમન' ગ્રાન્ડ ફિનાલે યોજાશે

### ગાંધીનગરના મહિલા સંગઠનો અને સમુહો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિ : પ્રિલિમિનરી રાઉન્ડ પછી બે વય જૂથમાં ૭-૭ મહિલાઓ વચ્ચે ફાઈનલ સ્પર્ધા : જાગૃત અને જવાબદાર મહિલા સમાજના નિર્માણ માટે લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગરનો નવતર પ્રયોગ

ગાંધીનગર, તા. ૪

મહિલાઓ ઘરથી લઈને નગર સુધી અને પરિવારથી લઈને સમાજ સુધી રોજે રોજ વૈવિધ્યપૂર્ણ ફરજો અદા કરે છે અને એક સાથે અનેક જવાબદારીઓ નિભાવે છે. પરિવાર અને સમાજ મહિલાઓની આ વિશેષતાને તેની ફરજ અને કર્તવ્ય ગણીને મહિલાની કદર કરવાનુ ચૂકે છે. મહિલાઓ સ્વયમ પણ પોતાના પ્રદાનને પોતાની જવાબદારી ગમીને પોતાની જાતની જ અવગણના કરતી હોય છે. લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગરે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અનુસંધાને તા. ૭મી માર્ચ, ૨૦૧૫ને શનિવારના રોજ, ગાંધીનગર ટાઉનહોલ ખાતે ગાંધીનગરની ગૃહિણીના-મહિલાઓના પ્રદાનને પુરસ્કૃત કરવા 'વન્ડરફુલ વુમન' સ્પર્ધાનું આયોજન કર્યું છે. સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી યોજાઈ રહેલી આ વિશિષ્ટ સ્પર્ધા દરમિયાન ગાંધીનગની મહિલાઓ એક મંચ પર, એક સાથે મળીને મહિલા દિવસની ઉજવણી કરશે.

'વન્ડરફુલ વુમન' સ્પર્ધાના પ્રોજેક્ટ ચેરમેન અને લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગરની 'વુમન એમ્પાવરમેન્ટ' કમિટિના ચેરમેન શ્રીમતી મમતા રાવલે આ આ વિશિષ્ટ સ્પર્ધા વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પરિવાર અને સમાજનો મોટો આધાર મહિલા પર હોય છે. મહિલાઓ ઘરથી લઈને નગર સુધી દરેક જવાબદારીમાં શ્રેષ્ઠ દેખાવ કરવાનો હોય છે. જાગૃત અને જવાબદાર મહિલા સમાજનું નિર્માણ થાય એ જરૂરી છે. આ માટે ઉપદેશાત્મક વાત કરવાને બદલે અમે 'વન્ડરફુલ વુમન' સ્પર્ધાનું ખુબજ ખંત, મહેનત અને ઉત્સાહપૂર્વક આયોજન કર્યુછે, અને અમને આનંદ છે કે, ગાંધીનગરની મહિલાઓ એ પણ એટલા જ ઉત્સાહભેર આ સ્પર્ધામાં ભાગ લીધો છે.

'વન્ડરફુલ વુમન' સ્પર્ધા વિશે વિગતવાર જાણકારી આપતા શ્રીમતી મમતા રાવલે જણાવ્યું હતું કે, ૩૦ વર્ષથી ૪૫ વર્ષ અને ૪૬ વર્ષથી ૬૦ વર્ષની વય જૂથની મહિલાઓ માટે બે ગ્રુપમાં યોજાયેલી 'વન્ડરફુલ વુમન સ્પર્ધામાં ૧૦૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. ગત તા. ૨૧મી ફેબ્રુઆરીએ આ સ્પર્ધાનો પ્રિલિમીનરી રાઉન્ડ યોજાયો હતો, જેમાં નોલેજ રાઉન્ડ, પર્સનાલિટી રાઉન્ડ, ક્રિએટીવિટી રાઉન્ડ અને કિચનક્વિન રાઉન્ડ જેવા વિવિધ રાઉન્ડ દ્વારા મહિલાઓને પોતાના કૌશલ્યની અભિવ્યક્તિની તક આપવામાં આવી હતી. બન્ને વય જૂથમાં પ્રિલિમીનરી રાઉન્ડમાં પાર ઉતરેલી મહિલાઓ પૈકી ૭-૭ મહિલાઓ, એમ કુલ ૧૪ મહિલાઓ 'વન્ડરફુલ વુમન સ્પર્ધાની ગ્રાન્ડ ફિનાલેમાં ભાગ લેશે. બન્ને વય જૂથમાંથી એક-એક વિજેતા મહિલાને 'વન્ડરફુલ વુમન' ખિતાબથી નવાજવામાં આવશે.

આ સ્પર્ધામાં ગુજરાતી ફિલ્મો અને ટેલીવિઝનના સુપ્રસિદ્ધ અભિનેત્રી, લેખિકા અને આર.જે. શ્રીમતી આરતી પટેલ, ગાયનેકોલોજીસ્ટ અને ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયિકા ડૉ. ફાલ્ગુની ડૉક્ટર તથા લાયન્સ ડિસ્ટ્રીક્ટના લાયોનેસ ચેરપર્સન શ્રીમતી નંદિની રાવલ વિશેષ ઉપસ્થિત રહેશે. આ એવી મહિલાઓ છે કે, જેઓ પોતાના પરિવારની જવાબદારી શ્રેષ્ઠ રીતે નિભાવીને અન્ય ક્ષેત્રોમાં પણ અવ્વલ રહીને સમાજમાં મોખરાનું સ્થાન ભોગવે છે. ગાંધીનગરની મહિલાઓ માટે આ પ્રેરમાદાયી રહેશે.

'વન્ડરફુલ વુમન' સ્પર્ધાની મેગા ફાઈનલ સાથે મહિલાઓ દ્વારા જ તૈયાર કરાયેલ અભૂતપૂર્વ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. ગાંધીનગરના વિવિધ મહિલા સંગઠનો, મહિલા સમુહો અને અગ્રણી મહિલાઓ આ વિશેષ પ્રસ્તુતીમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. 'વન્ડરફુલ વુમન કાર્યક્રમ ગાંધીનગરની તમામ મહિલાઓનો સંયુક્ત અને યાદગાર કાર્યક્રમ બની રહેશે એમ પણ શ્રીમતી મમતા રાવલે જણાવ્યું હતું.


લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ શ્રીમતી ચંદા યાદવે જણાવ્યું હતું કે, 'વન્ડરફુલ વુમન ફાઈનલ સ્પર્ધાની વિજેતા બહેનો અને તમામ મહિલાઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂ પાડવા ગાંધીનગરના સમદર્શન આશ્રમના પૂ. ગુરુમા-સમાનંદજી સ્વામિની ખાસ ઉપસ્થિતિ રહેશે. ગુજરાત પોલીસના સી.આઈ.ડી. (ક્રાઈમ)ના આઈ.જી. સુશ્રી મીરા રામનિવાસ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩-બી ના ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી રાકેશભાઈ પટેલ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે. લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગરની તમામ બહેનો 'વન્ડરફુલ વુમન' સ્પર્ધાને સફળ બનાવવા ઉત્સાહપૂર્વક પ્રયત્નશીલ છે. લાયોનેસ ક્લબના તમામ પૂર્વ પ્રમુખો અને સમગ્ર ટીમ તરફથી આ ગ્રાન્ડ ફિનાલેમાં પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મહાત્માને માતૃભાષા - હું તો ગામડાંનો છું; મને અંગ્રેજીમાં શું કામ લખો છો?

માતૃભાષામાં કેળવણી સંદર્ભે બાપુના વિચારો સ્પષ્ટ હતા. એટલું જ નહિં આ વિચારમાં અન્ય ભાષાના લોકો પણ તેમની માતૃભાષાનો કેળવણી સહિતનો ઉપયોગ કરે એવો અભિગમ રહેતો. એટલે માતૃભાષા પોતાની શ્રેષ્ઠ છે એવું નિઃશંક પણે અમાન્ય કરતાં હતા. આનું એક દૃષ્ટાંત વાંચવા અને જાણવા જેવું છે.

૧૨મી ઓગસ્ટ ૧૯૧૧માં દક્ષિણ આફ્રિકાના જનરલ હરગોઝે તત્કાલીન શિક્ષણ પદ્ધતિની ટીકા કરી હતી. ગોખણપટ્ટી અને પરીક્ષા પદ્ધતિ પર આધારિત શિક્ષણ વ્યવસ્થા પર તડી વરસાવતા જનરલશ્રીએ સાચી કેળવણી માટે ચારિત્ર્ય ઘડતર અને માતૃભાષા પર ભાર મૂક્યો હતો. જનરલ હરગોઝના ભાષણનો આધાર લઇને મહાત્મા ગાંધીએ ઇન્ડિયન ઓપિનિયનના તા. ૧૯ ઓગસ્ટ ૧૯૧૧માં નોંધ લખી હતી કે ઇંગ્રેજીમાં શિક્ષણ લે તો વિદ્યાર્થી પોતાના મા-બાપ પ્રત્યેનું માન ભૂલી જાય. વળી તે છોકરાઓ પોતાની પ્રજા પણ ભૂલે અને માત્ર જે પરભાષા શીખે તે ભાષાના માણસોની નકલ કરે. આ વિચાર હિંદીઓને વધારે લાગુ પડે છે.

ગાંધી વધુ સ્પષ્ટ કેર છે, આપણી ભાષા - પછી હિંદીની ગમે તે ભાષા હોય તેને ઇંગ્રેજી ભાષા સાથે ઘણો ઓછો સંબંધ છે. પશ્ચિમના સુધારામાં ખીલેલી ભાષાના વિચારો આપણા બાળકોમાં ઠસી જાય એ આપણી પ્રજા, આપણી જાતને આપણા ધર્મ ભૂલવા જેવું બને છે. ઇંગ્રેજી કેળવણી પામેલા હિંદીઓ અમુક હદથી આગળ બીજા હિંદીઓને મદદરૂપ નથી થઇ શકતા એ દોષ બતાવતા તેઓ લખે છે કે તેમનો દોષ કાઢવો તે ખોટું છે. તેઓને તેઓની સ્થિતિએ તેવા બતાવ્યા છે. તેમના દોષ જોવાને બદલે દાખલો જોવાનું ઘટાવતા ગાંધીજી કહે છે માતૃભાષામાં કેળવણી લઇએ અને અંગ્રેજીમાં કેળવણી લેવાનું ભૂલ છોડીએ.




માતૃભાષાની વકીલાત કરતાં બાપુ પ્રશ્ન તરતો મૂકે છે, આપણી રૂઢીઓ, આપણી કહેવતો, આપણાં કાવ્યો તે બધાંની આપણને ખબર ન હોય, ને આપણે આપણા માણસો ઉપર શી છાપ બેસાડીએ? અને ઘરનું ન કરી શકે તે બહારનું શું કરવાનો હોય? આપણું તો આપણે ભૂલી જઇએ ને બીજાનું સંભાળતાં શાનું આવડે? સાદી ભાષાનો આ લહીયો બહુ સરળતાથી પરભાષા પ્રેમી હિંદીઓ પર ઘા કરે છે. આગળ ચલાવતા કહે છે, એટલે પરિણામે આપણે ધોબીના કૂતરાની સ્થિતિમાં આવી પડીએ - 'ન રહીએ ઘાટના કે ન રહીએ વાટના.' જેટલે દરજ્જે આપણે આપણી ભાષા ભૂલી જઇએ છીએ તેટલે દરજ્જે આપણે ખરી સેવા કરતાં ભૂલીએ છીએ એવો મત વ્યક્ત કરતાં તેઓ સ્પષ્ટ કરે છે લખાણનો હેતુ એવો નથી કે ઇંગ્રેજી ભાષા ન શીખવી. પણ જે ધોરણે અંગ્રેજો ફારસી, સંસ્કૃત વગેરે શીખે છે તે ધોરણે આપણે અંગ્રેજી શીખીએ. આપણી માદરી જબાન પાકી કરીને તેમાં સંપૂર્ણ ઘડાઇને પછી રાજયકર્તાની ભાષા અને અન્ય રીતે ઉપયોગી હોઇ ભલે ઇંગ્રેજી શીખીએ.

દક્ષિણ આફ્રિકાનાં હિન્દી બાળકોની કેળવણીના ઇતિહાસમાં પહેલીવહેલી વાર એ વાત સ્વીકારવામાં આવી કે હિન્દી બાળકોને શિક્ષણના માધ્યમ તરીકે હિંદી ભાષાઓ રાખવી જરૂરી છે. એમ વિટર્વાટસેરેન્ડ સેન્ટ્રલ સ્કૂલ બોર્ડે શરત સ્વીકારી તે સમયે ગાંધીએ વિચાર વ્યક્ત કર્યો હતો કે માણસ પોતાની માતૃભાષાના જ્ઞાન સિવાય સાચો દેશભક્ત બની શકતો નથી. માતૃભાષાના જ્ઞાન સિવાય તેના વિચારો વિકૃત થઇ જાય છે અને તેમનાં અંતરાત્મામાંથી માતૃભાષાનો પ્રેમ ઓસરી જાય છે.

(ગાંધીજીનો અક્ષર દેહ, ભાગ-૧૧, પૃષ્ઠ : ૩૬૭)

ગાંધી બાપુના હૈયે માતૃભાષાને રાષ્ટ્રભાષાનું હિત લગાવ કેટલો હતો, તે ૧૬ નવેમ્બર, ૧૯૪૫ના લીલાબહેનને તેમને પ્રત્યત્તર પત્રમાં આપે છે. વ્હાલાં બહેન, તમને રાષ્ટ્રભાષાનું થોડું પણ જ્ઞાન નથી? જો તેનું ન હોય તો માતૃભાષાનું તો હશે જ ને? ગામડાંની સ્ત્રીઓની સેવા કરવા માટે બહેનો તૈયાર થાય છે, તેઓ અંગ્રેજી મારફ્ત તો કદાચ જ કામ કરી શકે; અને હું તો ગામડાંનો છું, મને અંગ્રેજીમાં શું કામ લખો છો?

તમારો મો. ક. ગાંધી

(ગાંધીજીનો અક્ષર દેહ, ભાગ : ૮૨, પૃષ્ઠ : ૭૯)

(લેખક સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક છે.)